# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડિયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



### આણંદ શહેરમાં પાંચ સ્થળે વૃક્ષો ધરાશાયી, યુદ્ધના ધોરણે રસ્તા ખુલ્લા કર્યા : બાકરોલ ગેટ પાસે લાગેલી આગ પર ત્વરિત કાબૂ મેળવાયો

# આણંદમાં ભારે પવન સાથે કમોસમી વરસાદનો કહેર

**વિદ્યાનગર રોડ** સહિતના વિસ્તારોમાં વૃક્ષો પડતા વાહનવ્યવહાર ખોરવાયો



(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ શહેરમાં ગુરુવારે સાંજે અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર પવન સાથેના વાવાઝોડાને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. શહેરના પાંચ મુખ્ય વિસ્તારોમાં મહાકાય વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી, જેના પગલે મહાનગરપાલિકા દ્વારા ત્વરિત પગલાં ભરીને અવરોધાયેલા રસ્તાઓ ટૂંક સમયમાં જ કાર્યરત કરી દેવામાં આવ્યા હતા.

આણંદના શહેરી વિસ્તારમાં ગુરુવારે સાંજના સમયે અચાનક મોસમમાં પલટો આવ્યો હતો. ભારે પવન અને વાવાઝોડાને કારણે વિદ્યાનગર ડી-માર્ટ સામે, ગામડી ગામે, વિદ્યાનગર રોડ પર એપીસી સર્કલ પાસે, હરિઓમ નગર અને અનમોલ બેકરી પાસે વૃક્ષો રસ્તા પર ધરાશાયી થયા હતા. આ ઉપરાંત બાકરોલ ગેટ પાસે સામાન્ય આગ લાગવાની ઘટના પણ બની હતી.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન હેઠળ મનપાની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. આ ટીમોએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને ખૂબ જ ટૂંકા સમયમાં રસ્તા પરથી વૃક્ષો હટાવી દીધા હતા અને અવરોધાયેલો વાહનવ્યવહાર પૂર્વવત કર્યો હતો. બાકરોલ ગેટ પાસે લાગેલી આગને પણ ત્વરિત બુઝાવી દેવામાં આવી હતી. મનપાની આ સમયસૂચકતા અને ઝડપી કામગીરીને લીધે નગરજનોને પડતી મુશ્કેલીઓમાં રાહત મળી હતી.

આણંદ જિલ્લામાં ગુરૂવારની રાત્રે પાંચ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં તારાપુર 2 મિમી, આણંદમાં 2 મિમી, પેટલાદમાં 4 મિમી, ખંભાત 4 મિમી, બોરસદમાં 2 મિમી સાથે સરેરાશ 1.75 મિમી વરસાદ નોંધાયો હતો.

### વીજ કંપનીને 1.61 કરોડનું નુકશાન થયું



આણંદ જિલ્લામાં ગુરૂવારની મોડી સાંજે તેજ પવન સાથે કમોસમી વરસાદ પડતાં મધ્ય ગુજરાત વીજ કંપનીને ભારે નકશાન થયુ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, જિલ્લાના 356 ગ્રામ્ય વિસ્તારમાં વિજળી ડૂલ થઇ ગઈ હતી. જે બીજા દિવસે બપોર સુધીમાં રાબેતા મુજબ થઇ ગઇ હતી. પરંતુ સર્વે દરમિયાન જિલ્લામાં કુલ 116 વીજ થાંભલાને ભારે નુકશાન થયું હતું. જ્યારે સાત ટ્રાન્સફોર્મરને નુકશાન થયું છે. જેના પગલે વીજ કંપનીને કુલ 1.61 કરોડ જેવું ભારે નુકશાન થયું છે.

## આણંદ જિલ્લામાં ગરમીનો પારો 38 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા

**આગામી પાંચ દિવસ** આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે જ તાપમાનમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે. આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા બુલેટિન મુજબ, આગામી 21મીથી 25મી માર્ચ દરમિયાન મહત્તમ તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. આ સાથે બદલાતા હવામાન અને તેજ પવનની શક્યતાઓને ધ્યાનમાં રાખીને ખેડૂતોને પાકની લણણી, પિયત વ્યવસ્થા અને પશુપાલન અંગે મહત્વની કૃષિ સલાહ આપવામાં આવી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી સ્થિત મૌસમ વિભાગની આગાહી મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન આકાશ અંશતઃ વાદળછાયું થી મુખ્યત્વે ચોખ્ખું રહેવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન વરસાદ પડવાની શક્યતા નહિવત છે. મહત્તમ તાપમાન 34થી 38 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 21થી 22 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. પવનની સરેરાશ ઝડપ 7 થી 11 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની અને દિશા મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ તરફ રહેવાની શક્યતા છે.

ખેડૂતોને બાગાયતી પાકોને પવનથી બચાવવા ટેકા આપવા ખાસ ભલામણ કરાઈ છે.

### વેરો ભરવા માટે મનપા કમિશનરનો નિર્ણય

## આણંદ મનપાની કચેરીઓ રજામાં પણ ખુલ્લી રહેશે

**સવારે 11થી સાંજે** 4 વાગ્યા સુધી વેરા વિભાગ કાર્યરત રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.20

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં રહેતા નગરજનો માટે મહત્ત્વના સમાચાર છે. ચાલુ નાણાકીય વર્ષ 2025-26 31મી માર્ચના રોજ પૂર્ણ થતું હોવાથી, બાકી રહેતો મિલકત વેરો નાગરિકો સરળતાથી ભરી શકે તે માટે મનપા કમિશનર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થાના ભાગરૂપે ચાલુ માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં આવતી જાહેર રજાઓ એટલે કે 21મી અને 22મી માર્ચ, શનિવાર અને રવિવારના દિવસે પણ મનપાની તમામ કચેરીઓ ખુલ્લી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જાહેર રજાના બંને દિવસો દરમિયાન વેરા વિભાગની શાખાઓ સવારે 11-00 કલાકથી બપોર બાદ સાંજના 4-00 કલાક સુધી કાર્યરત રહેશે. આ સમયગાળા દરમિયાન કરમસદ-આણંદ મનપા હેઠળ આવતા આણંદ, કરમસદ, વિદ્યાનગર, મોગરી, ગામડી, જીટોડીયા અને લાંભવેલ વિસ્તારના મિલકતધારકો પોતાનો બાકી વેરો જમા કરાવી શકશે. આથી, નગરજનોને અપીલ કરવામાં આવી છે કે. નાણાકીય વર્ષ પૂરું થાય તે પહેલાં આ વિશેષ સુવિધાનો લાભ લઈ પોતાનો બાકી વેરો સમયસર જમા કરાવી વહીવટી પ્રક્રિયામાં સહકાર આપે.

### નડિયાદના કોલેજ રોડ પર મહાનગરપાલિકા અને મહી સિંચાઈ વિભાગની કાર્યવાહી

## નડિયાદ: રહેણાંક મિલકતોમાં ચાલતા વ્યવસાયિક એકમો સામે લાલ આંખ

**રહેણાંકનો ટેક્સ ભરી** કોમર્સિયલ પ્રવૃત્તિ કરી મસમોટી ટેક્સ ચોરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

નડિયાદ શહેરના પોશ ગણાતા કોલેજ રોડ પર આવેલી મહી કેનાલની આસપાસ રહેણાંક હેતુ માટે ફાળવવામાં આવેલી મિલકતોમાં મસમોટી ટેક્સ ચોરી અને ગેરકાયદેસર વ્યવસાયિક પ્રવૃત્તિઓનો પર્દાફાશ થયો છે. કોઈપણ પ્રકારની પરવાનગી વગર રહેણાંક મિલકતોમાં ચાલતી ખાણીપીણીની હાટડીઓ અને સ્ટોલ પર નડિયાદ મહાનગરપાલિકાએ સ્થળ તપાસ કરી માપણી હાથ ધરી છે. આ મામલે હવે મહાનગરપાલિકા





અને મહી સિંચાઈ વિભાગ બંને સક્રિય થયા છે અને કડક કાયદેસરની કાર્યવાહી કરવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

નડિયાદમાં લાંબા સમયથી નિયમોનું ઉલ્લંઘન કરીને ચાલતી આ પ્રવૃત્તિઓમાં પ્રાથમિક તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મિલકત માલિકો વર્ષોથી રહેણાંક મુજબનો મામૂલી ટેક્સ ભરીને મોટા પાયે વ્યવસાયિક એકમો ચલાવી પાલિકાની તિજોરીને આર્થિક નુકસાન પહોંચાડી રહ્યા હતા. આટલા વર્ષો સુધી ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા કરવામાં આવેલી આંખ આડા કાનની નીતિ અને તંત્રની નિષ્ક્રિયતા સામે પણ સ્થાનિકોમાં સવાલો ઉભા થયા છે. હવે પાલિકાની ટીમ દ્વારા નવી વેરા પાવતી ફાડવાની અને કોમર્સિયલ વેરો ફટકારવાની તજવીજ તેજ કરવામાં આવી છે.

બીજી તરફ, કેનાલ પાસેની જગ્યામાં મોટા પાયે થયેલા શેડ સહિતના બાંધકામોને લઈને મહી કેનાલ વિભાગ પણ હરકતમાં આવ્યું છે. કેનાલની આસપાસની 75 ટકા જગ્યા મહી કેનાલ હસ્તક હોય છે, જ્યાં બાંધકામ કરવું કાયદાકીય ગુનો છે. વિભાગના અધિકારી સૌમિલ પટેલે જણાવ્યું હતું કે, કેનાલની હદ અને મિલકતોના દસ્તાવેજોની ચકાસણી કરીને આગામી દિવસોમાં અનધિકૃત દબાણો દૂર કરવામાં આવશે.

## તુલસી ગરનાળા પાસેનો માર્ગ બિસ્માર બનતા રોષ

**રેલવે તંત્રને આવેદન** પત્ર આપી તાત્કાલિક મરામત કામ કરવાની માંગ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ શહેરના વ્યસ્ત ગણાતા તુલસી ગરનાળા પાસેનો રોડ હાલમાં અત્યંત દયનીય હાલતમાં ફેરવાઈ ગયો છે. રસ્તા પર પડેલા મોટા ખાડાઓ અને ઉબડખાબડ સપાટીને કારણે વાહનચાલકો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

આ અંગે સામાજિક કાર્યકર હર્ષિલ દવેએ જણાવ્યું હતું કે, આણંદના તુલસી ગરનાળા પાસેનો મુખ્ય માર્ગ હાલમાં ખૂબ જ ખરાબ સ્થિતિમાં છે. રસ્તા પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે અને રોડ સંપૂર્ણપણે ઊબડખાબડ થઈ ગયો છે, જેના કારણે અહીંથી પસાર થતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે.

આ વિશેષમાં રજૂઆત કરતા જણાવ્યું છે કે, ખાસ કરીને વરસાદી મોસમ દરમિયાન આ ખાડાઓમાં પાણી ભરાઈ જવાથી રસ્તાની સ્થિતિ વધુ વણસે છે, જેના કારણે અકસ્માત થવાની સંભાવના પણ વધી જાય છે. આ માર્ગનો ઉપયોગ દરરોજ મોટી સંખ્યામાં લોકો અને વિદ્યાર્થીઓ કરે છે, છતાં લાંબા સમયથી મરામત કરવામાં આવી નથી.

આ અંગે સ્થાનિકોની માંગ છે કે રેલવે તંત્ર દ્વારા આ માર્ગનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવે અને લોકોની સુવિધા તેમજ સલામતી માટે વહેલી તકે રોડનું સરફેસિંગ અથવા મરામત કામ પૂર્ણ કરવામાં આવે જેથી રાહદારીઓને રાહત મળી શકે.

### ચરોતરમાં ચેટીચંડ - ઝૂલેલાલના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ





ચરોતરમાં ભગવાન ઝૂલેલાલના જન્મોત્સવ તથા સિંધી નૂતન વર્ષ 'ચેટીચંડ'ની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સિંધી સમાજે ભવ્ય શોભાયાત્રા કાઢી હતી, જેમાં બાળકો વિવિધ પૌરાણિક પાત્રોની વેશભૂષામાં સજ્જ થયા હતા. આણંદ - નડિયાદ શહેરના રાજમાર્ગો 'આયોલાલ-ઝૂલેલાલ'ના નાદથી ગૂંજી ઉઠ્યા હતા અને શોભાયાત્રા દરમિયાન ઠેર-ઠેર શરબત વિતરણ તેમજ ભંડારાનું સુંદર આયોજન કરાયું હતું. ડીજેના તાલે નીકળેલી આ યાત્રા વિવિધ માર્ગો પર ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

## ખેડૂત સાથે ક્રેડિટ કાર્ડના નામે 3 લાખની છેતરપિંડી

**વોટ્સએપ** પર લિંક મોકલી ગઠિયાએ વિગતો મેળવી નાણાં સેરવી લીધા

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

મહેમદાવાદ તાલુકાના વણસોલ સુંઢા વિસ્તારના હરીપુરાલાટમાં રહેતા 66 વર્ષીય ખેડૂત કનુભાઈ મોહનભાઈ પટેલ સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. સાયબર ગઠિયાએ ક્રેડિટ કાર્ડની ગુપ્ત માહિતી મેળવી ખેડૂતના ખાતામાંથી અલગ અલગ ત્રણ ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા 2,96,640 સાફ કરી દીધા હતા.

આ ઘટનાની વિગત મુજબ, ગત બીજી ફેબ્રુઆરીના રોજ ખેડૂતના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી એપીકે ફાઈલની લિંક આવી હતી. ગઠિયાએ ફોન કરીને જણાવ્યું હતું કે, તમારા એચડીએફસી બેન્કના ક્રેડિટ કાર્ડમાં ઓનલાઇન ઈન્ટરનેશનલ ટ્રાન્જેક્શન ચાલુ છે, જેને બંધ કરવા માટે આ લિંક પર કાર્ડ નંબર અને સીવીવી નંબર ભરવો પડશે. ખેડૂતે વિશ્વાસમાં આવી વિગતો ભરી સેવ કરતા જ છેતરપિંડીનો ખેલ શરૂ થયો હતો. થોડી વાર બાદ તપાસ કરતા માલૂમ પડ્યું કે તેમના કાર્ડમાંથી 92,700 અને 1,01,970 સહિત કુલ 2.96 લાખથી વધુની રકમ ઉપડી ગઈ હતી. વણસોલના ખેડૂત કનુભાઈ પટેલને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા ખેડૂતે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર 1930 પર જાણ કરી હતી. બાદમાં મહેમદાવાદ પોલીસ મથકે અજાણ્યા મોબાઈલ ધારક વિરુદ્ધ વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### વાવાઝોડા વચ્ચે રસ્તામાં પડેલા ઝાડને કારણે બાઇક ચાલકે કાબૂ ગુમાવ્યો

## બોરસદમાં બસ અને બાઈક અથડાતાં બે યુવકોના મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.20

આણંદ-બોરસદ માર્ગ પર ધોબીકુઈની સીમમાં ગત રોજ વાવાઝોડા અને વરસાદી માહોલ વચ્ચે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ રસ્તામાં અચાનક ધરાશાઈ થયેલા ઝાડને કારણે બાઈક ચાલકે પોતાનું વાહન એસટી બસની લાઈનમાં ઘુસાડી દેતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર બંને યુવાનોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. આ ઘટના અંગે બોરસદ રૂરલ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદના લાંભવેલના રહેવાસી સુનિલકુમાર મનસુખભાઈ પઢિયાર અને વડતાલના રહેવાસી મયંકકુમાર દિનેશભાઈ પરમાર કેટરર્સના વ્યવસાય સાથે જોડાયેલા હતા. ગત તારીખ 19મી માર્ચના રોજ કેટરર્સની કામગીરી પૂર્ણ કરી તેઓ પોતાની મોટરસાયકલ પર બોરસદથી પોતાના ઘરે આવવા નીકળ્યા હતા. તેઓ ધોબીકુઇ સીમ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે વાતાવરણમાં વાવાઝોડું અને વરસાદનો માહોલ હતો. આ દરમિયાન રસ્તામાં વાવાઝોડાને કારણે એક ઝાડ ધરાશાઈ થયેલું હતું.

સ્ત્રોત મુજબ, બાઈક ચાલક સુનિલકુમાર પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી રહ્યા હતા અને સામેથી આવતી બોરસદ-અમદાવાદ ઈન્ટરસીટી બસ પોતાની લાઈનમાં સલામત રીતે આવી રહી હતી. પરંતુ રસ્તામાં નડતા ઝાડને કારણે બાઈક ચાલકે અચાનક બાઈક એસટી બસની લાઈનમાં વાળી દીધી હતી. જોતજોતામાં બાઈક અને એસટી બસ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

આ ટક્કર એટલી પ્રચંડ હતી કે બાઈક સવાર બંને યુવાનો ઉછળીને રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓ થવાને કારણે સુનિલકુમાર અને મયંકકુમાર બંનેના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. આ અકસ્માત અંગે એસટી બસના ડ્રાઈવર ભારતભાઈ ખાંટે બાઈક ચાલક સુનિલકુમાર પઢિયાર સામે બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## ઉમરેઠના બેચરીમાં લગ્નના માત્ર 11 માસમાં જ પરિણીતાનો આપઘાત

**પિતાની ફરિયાદના** આધારે પતિ, સાસુ-સસરા સહિત ચારની ધરપકડ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.20

ઉમરેઠ તાલુકાના બેચરી ગામે ઈન્દીરાનગરી વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં લગ્નના માત્ર 11 માસના ટૂંકા ગાળામાં જ એક 21 વર્ષીય પરિણીતાએ સાસરીયાઓના અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ અંગે પિતાની ફરિયાદના આધારે પોલીસે પતિ સહિત ચાર શખ્સો વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૂળ બોરસદ તાલુકાના નિસરાયા ગામના ફુલાભાઈ રાજની દીકરી મનીષાના લગ્ન આશરે 11 માસ પૂર્વે બેચરી ગામના ભરતસિંહ ગોહેલ સાથે થયા હતા. સુખી સંસારની આશા સાથે સાસરે આવેલી દીકરીને લગ્નના ગણતરીના દિવસોમાં જ સાસરીયાઓ દ્વારા નાની-નાની બાબતોમાં ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પરિણીતા ઘરમાં લાઈટ કે પંખા ચાલુ કરે તો પણ તેનો પતિ ભરતસિંહ તેની સાથે ઝઘડો કરતો અને મેણું મારતો કે, આનું લાઈટ બિલ શું તારો બાપ ભરશે? આમ, ઘર વપરાશની ચીજોના ઉપયોગ બાબતે પણ તેને સતત માનસિક રીતે ટોર્ચર કરવામાં આવતી હતી.

આ સિવાય સાસુ, સસરા અને કાકા સસરા પણ અવારનવાર તેને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરવા માટે મજબૂર કરતા હતા. ગત 18મી માર્ચ, 2026ના રોજ બપોરના સમયે મનીષાબેને ઘરના બીજા માળે લોખંડની એંગલ સાથે સાડી ભરાવી ફાંસો ખાઈ લીધો હતો. આ મામલે ઉમરેઠ પોલીસે મૃતકના પતિ ભરતસિંહ, સસરા ફતેસિંહ, સાસુ રમીલાબેન અને કાકા સસરા લાલભાઈની અટક કરી તેમને જેલ હવાલે કર્યા છે.

### સંતરામપુરમાં ચાર સંતાનોની માતાએ ગળેફાંસો ખાધો

**સંતરામપુર ।** સંતરામપુરના બારીકોટાના પિયર પક્ષના કૈલાશબેનના લગ્ન 20 વર્ષ અગાઉ એન્દ્રા ગામના હરેશ લક્ષ્મણભાઇ બારીયા સાથે થયા હતા. સુખી ગણાતા લગ્નજીવનમાં ચાર સંતાનો હોવા છતાં, પતિ અન્ય સ્ત્રી સાથે આડાસંબંધો રાખતો હતો અને તે બાબતે કૈલાશબેનને અવારનવાર પજવણી કરતો હતો. પતિના ત્રાસથી કંટાળી કૈલાશબેન અગાઉ 2007 અને ત્યારબાદ 2024 માં પણ રિસાઈને પિયર ગયા હતા. જોકે, સપ્ટેમ્બર 2025માં પતિ હરેશ, ગામના સરપંચ અને આગેવાનો કૈલાશબેનને તેડવા પિયર પહોંચ્યા હતા. પિયર પક્ષે શાંતિથી રહેવાની શરતે કૈલાશબેનને સાસરીમાં મોકલ્યા હતા, પરંતુ પતિએ પોતાની કરતૂતો ચાલુ રાખી હતી. ગત 14મી માર્ચ, 2026ના રોજ વહેલી સવારે કૈલાશબેને રસોડાના ભાગે લાકડાના પાટ પર દોરડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના અંગે મૃતકના ભાઈ મોહનભાઇ ધુળાભાઇ માલીવાડે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પત્નીને આત્મહત્યા માટે મજબૂર કરનાર પતિ હરેશ લક્ષ્મણભાઇ બારીયા સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225